ખંભાતના કલમસર ખાતે કેમિકલ કંપનીમાં શ્રમિકના મોત બાદ ટોળાનો પથ્થરમારો

પોલીસ ઇન્સ્પેક્ટર સહિતના જવાનો ઘાયલ, ૧૦ ઝડપાયા

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૮

ખંભાત-કલમસર રોડ પર આવેલી રોહન ડાઇઝ કેમિકલ કંપનીમાં કામ દરમિયાન ગુરુવારે સવારના 11 વાગ્યાના અરસામાં લોખંડનો થાંભલો પડતાં ગંભીર રીતે ઘવાયેલા શ્રમિક રણજીતસિંહ નટુભાઈ સિંધા (ઉ.વ.37)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ બાદ વળતરની માંગ સાથે એકઠા થયેલા આશરે ૫૦૦થી ૧૦૦૦ લોકોના ટોળાએ હિંસક સ્વરૂપ ધારણ કરી પોલીસ કાફલા પર ભારે પથ્થરમારો કર્યો હતો.

ટોળાએ કંપનીમાં ઘૂસવાનો પ્રયાસ કરતાં પોલીસે સમજાવટ કરી પરિસ્થિતિ કાબૂમાં લેવા પ્રયત્ન કર્યો હતો. જોકે, ઉશ્કેરાયેલા ટોળાએ પથ્થરમારો શરૂ કરતાં ખંભાત સીટી પી.આઈ. પી.જે. બાંટવાને હાથની કોણીમાં ફ્રેક્ચર તેમજ પગમાં ઈજા થઈ હતી. આ ઉપરાંત એ.એસ.આઈ. પરેશભાઈ, હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ, પી.આઈ. પી.એચ. નાયી સહિતના અન્ય પોલીસ કર્મચારીઓ લોહીલુહાણ થયા હતા અને સરકારી વાહનોને નુકસાન પહોંચ્યું હતું. પરિસ્થિતિ વણસતાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની મંજૂરી બાદ પોલીસે ટોળાને વિખેરવા માટે ૧૦ જેટલા ટિયર ગેસના સેલ છોડ્યા હતા. જેને લઈને ટોળામાં નાસભાગ મચી ગઈ હતી અને ખંભાત કલમસર રોડ પર ટોળાએ દોટ મૂકી પોલીસ જવાનો પર પથ્થરમારો ચલાવ્યો હતો.તો પોલીસે હિંસક ટોળાને વિખેરવા હળવો લાઠીચાર્જ કર્યો હતો.જે દરમિયાન ટોળામાં સામેલ બહાદુરસિંહ પી.ગોહિલ, મહેન્દ્રસિંહ ઉર્ફે ભયલુ એમ. સિંધા, ચંદ્રસિંહ ઉર્ફે સંજય એ. સિંધા, હર્ષદકુમાર એસ. સિંધા, કેતનસિંહ જી. સિંધા, સતીષભાઈ એન. સિંધા, મહેન્દ્રસિંહ આર. સિંધા, અજયસિંહ બી. સિંધા, જયદિપસિંહ જી. સિંધા તમામ (રહે.કલમસર)ને પકડી પાડયા હતા. આ ઘટનામાં ખંભાત રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

મૃતકના પરિવારને 30 લાખનું વળતર અપાયું

મૃતક રણજીતસિંહ નટુભાઈ સિંધાના અસરગ્રસ્ત પરિવારે 50 લાખના વળતરની માંગ મૂકી હતી. જોકે, કંપનીએ 11 લાખની તૈયારી બતાવી હતી. જે બાદ કોઈ કારણોસર પરિસ્થિતિ વણસી હતી. જોકે, અંતે રૂ. 30 લાખ વળતર આપવામાં આવતા હાલ મામલો શાંત પડ્યો છે. પ્રાંત અધિકારી કુંજલ શાહ , પોલીસ સહીત સ્થાનિક વહીવટી તંત્રએ સરપંચ અને પરિવાર સાથે તુરંત સ્થળ પર પહોંચી સ્થિતિની સમીક્ષા કરી હતી.

ડાકોરના ઠાકોર રણછોડરાયના જમણા હાથ પર રક્ષા બંધાઈ



રક્ષાબંધન નિમિત્તે મંદિરના સેવકો દ્વારા ભગવાન રાજા રણછોડના જમણા હાથમાં પવિત્ર રક્ષા બાંધવામાં આવી હતી. ભગવાનના હાથમાં રક્ષા બંધાવાની આ પરંપરા ભક્તો માટે વિશેષ આસ્થાનું મહત્વ ધરાવે છે. આ પવિત્ર ક્ષણ દરમિયાન મંદિર પરિસર ભક્તિના રંગે રંગાઈ ગયું હતું. ભગવાનના હાથમાં રક્ષા બંધાતી હોવાના પવિત્ર પ્રસંગના સાક્ષી બનવા માટે ડાકોરમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ગુજરાતના વિવિધ વિસ્તારો ઉપરાંત દૂર દૂરથી આવેલા શ્રદ્ધાળુઓએ રાજા રણછોડના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રક્ષાબંધનના દિવસે ભગવાનના દર્શનને ભક્તોએ વિશેષ મહત્વ આપ્યું હતું.

લોકશક્તિ એક્સપ્રેસમાં મુસાફરના બેગની ચોરી

આઈફોન, રોકડ અને ક્રેડિટ કાર્ડ ભરેલી લેપટોપ બેગ સહિત ૧.૦૬ લાખનો મુદ્દામાલ ગાયબ

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૮

મુંબઈ અંધેરીથી અમદાવાદ આવી રહેલી ટ્રેન નંબર ૨૨૯૨૭ લોકશક્તિ એક્સપ્રેસમાં મુસાફરની ઉંઘનો લાભ ઉઠાવી અજાણ્યો તસ્કર આઈફોન, રોકડ અને કિંમતી દસ્તાવેજો ભરેલી લેપટોપ બેગ ચોરી કરી ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ આણંદ રેલવે પોલીસ મથકે નોંધાઈ છે.

મુંબઈ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતા અને મૂળ ગાંધીધામના વતની સમીર બિહારીસિંહ રાણા લોકશક્તિ એક્સપ્રેસના કોચ એ/૦૧માં સીટ નંબર ૨૭ પર મુસાફરી કરી રહ્યા હતા. ઉમરગામ સ્ટેશન પસાર થયા બાદ રાત્રે તેઓ ઊંઘી ગયા હતા. વહેલી સવારે આશરે પોણા ત્રણ વાગ્યે આણંદ સ્ટેશન નજીક આંખ ખુલતાં તેમણે સીટની બાજુમાં મૂકેલી કાળા રંગની અમેરિકન ટુરિસ્ટર કંપનીની લેપટોપ બેગ ગાયબ જોઈ હતી.

બેગમાં અંદાજે રૂ. ૧ લાખની કિંમતનો આઈફોન ૧૬ પ્રો, પર્સમાં રહેલા રોકડા રૂ. ૫,૦૦૦, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ સહિત વિવિધ ઓળખપત્રો, ૧૫ જેટલા ક્રેડિટ કાર્ડ તથા વનપ્લસ કંપનીના ઈયરબડ્સ મળી કુલ રૂ. ૧,૦૬,૯૦૦ની મતા ચોરાઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. આ મામલે આણંદ રેલવે પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

આણંદના ૪ હજાર કર્મીઓને ૩૦ દિવસનુ વસ્તીગણતરી મહેનતાણું ચૂકવવામાં ઠાગાઠૈયા

કામગીરી પૂરી થયા બાદ તુરંત મહેનતાણું ચૂકવવાના દાવા પોકળ હોવાનો ગણગણાટ

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૮

આણંદ જિલ્લામાં વસતિ ગણતરી સહિતની સરકારી કામગીરીમાં જોડાયેલા ૪ હજાર જેટલા શિક્ષકો- કર્મચારીઓમાં તંત્ર સામે નારાજગી સાથે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. કર્મચારીઓને સોંપવામાં આવેલી કામગીરી પૂરી થયા બાદ તુરંત મહનતાણું ચૂકવવાના દાવા પોકળ હોવાનો ગણગણાટ શરૂ થયો છે.

આણંદ જિલ્લામાં વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાનું કામ પૂરું થયા છતાં અંદાજીત ૪ હજારથી વધુ શિક્ષકો-કર્મચારીઓને તેમનું વેતન હજી ન ચૂકવાયાનું જાણવા મળે છે. શિક્ષકોના જણાવ્યાનુસાર વસ્તી ગણતરીની કામગીરી વખતે તંત્ર દ્વારા દરેક કર્મચારીને ખાતરી આપવામાં આવી હતી કે, પ્રથમ તબક્કાની કામગીરી પૂરી થતાં જ પ્રતિ કર્મચારી વેતન ચૂકવવાનું નકકી કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, વસ્તી ગણતરીની કામગીરી માટે આણંદ જિલ્લામાં તાલીમ અધિકારી અને શિક્ષકોની નિમણૂંક કરવામાં આવી હતી. આ વખતે પ્રથમ વખત વસ્તી ગણતરી ડિજિટલ એટલે કે મોબાઈલ એપ્લિકેશન આધારિત પદ્ધતિથી કરાઇ હતી. વસ્તી ગણતરીના સ્વગણતરીના તબક્કા માટે ૧૭થી ૩૧ મે સુધીનો સમય નકકી કરાયો હતો. જેમાં નાગરિકો દ્વારા ઓનલાઈન વિગતો સબમિટ કરાઇ હતી. ત્યારબાદ ૧થી ૩૦ જૂન સુધી ડોર ટુ ડોર સર્વે હાથ ધરાયો હતો. ૩૦ જૂને કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં ૨ મહિના જેટલો સમય વીતી ગયા બાદ પણ શિક્ષકોને તેમની કામગીરીનું વેતન મળ્યું નથી.

ગ્રાન્ટની ફાળવણી ના થવાને કારણે પેમેન્ટ અટક્યું

વસ્તી ગણતરીની કામગીરીના મોનેટરીંગ સાથે જોડાયેલા વિભાગીય સૂત્રોએ જણાવ્યું હતું કે, સરકારની શરતો પ્રમાણે કર્મચારીઓને ખાતામાં સીધું વેતન જમા કરાવવાનું છે. દરેક કર્મચારી-શિક્ષકોની વિગતો મંગાવીને બેન્કને આપવાની પ્રક્રિયામાં થોડો વિલંબ થયો હતો. ગ્રાન્ટની ફાળવણી બાકી હોવાથી પેમેન્ટ અટક્યું છે. વસ્તી ગણતરીની કામગીરી પૂર્ણ થતાં જ કર્મચારીઓને વેતન ચૂકવવાનું નકકી કરાયું હતું. પરંતુ અત્યાર સુધી પૂરેપૂરી ગ્રાન્ટ આવી ન હોવાથી અનેક વિસ્તારમાં પેમેન્ટ થઇ શક્યા નથી. જેના કારણે શહેરી વિસ્તારોમાં પ્રથમ ચૂકવણી કરવામાં આવી રહી છે અને ગ્રાન્ટનો બીજો તબક્કો જમા થતા ગ્રામ્યના વસ્તી ગણતરીદારોને ચૂકવણી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

નડિયાદમાં પેસેન્જર બેસાડવા મુદ્દે રિક્ષાચાલક પર હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૮

નડિયાદ શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે, તાજેતરમાં નડીઆદ શહેરમાંથી રિક્ષામાં પેસેન્જર બેસાડવા જેવી સામાન્ય બાબતમાં એક રિક્ષા ચાલક ઉપર પાંચ ઈસમોએ જીવલેણ હુમલો કરી માર માર્યાની ઘટના સામે આવી છે. આ અંગે રીક્ષા ચાલકે નડીઆદ શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

નડીઆદ શહેરના ચકલાસી ભાગોળ કાળકામાતાના મંદિર પાસે રહેતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા ભરતભાઈ વિષ્ણુભાઈ તળપદા (ઉ.વ. ૩૨) ગત તા.૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાત્રિના સુમારે પોતાની રિક્ષામાં નડીઆદ રેલવે સ્ટેશનથી જવાહરનગર મંજીપુરા રોડ રંગ ઉપવન પાર્ટી પ્લોટ તરફ પેસેન્જર લઈને જઈ રહ્યા હતા.આ દરમિયાન સાઈબાબાનગર પાસે રહેતા અમન ગોસાઈ નામના શખ્સે તેની રિક્ષા ઉભી રાખીને ભરતભાઈની રિક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતે બોલાચાલી કરી હતી. જેમાં અમન ગોસાઈ અને તેની સાથેના અન્ય શખ્સોએ ઉશ્કેરાઈને ભરતભાઈને ગડદાપાટુંનો માર માર્યો હતો. અને આરોપીઓએ ભરતભાઈને "ફરીથી મારા પેસેન્જર તારી રિક્ષામાં બેસાડીશ તો જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી હતી. આ મામલે ભોગ બનનાર રિક્ષાચાલક ભરત તળપદાની ફરિયાદના આધારે નડીઆદ શહેર પોલીસે પાંચ શખસો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

લુણાવાડાના નાળના મુવાડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી

લુણાવાડા | લુણાવાડા તાલુકાની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં ૨૭ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ રક્ષાબંધન પર્વની ખૂબ જ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય સીમાબેન પટેલ અને શિક્ષક ચિરાગકુમાર પંચાલના સુંદર આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાની બાળાઓએ કુમકુમ તિલક કરી અને ભાઈઓના કાંડા પર રંગબેરંગી રાખડીઓ બાંધીને તેમજ ચોકલેટ ખવડાવીને પરંપરાગત રીતે મોં મીઠું કરાવ્યું હતું. આ કાર્યક્રમના અંતે શિક્ષક ચિરાગકુમાર પંચાલે બાળકોને રક્ષાબંધનના આ પવિત્ર તહેવાર અને રાખડીનું પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ખૂબ જ રસપ્રદ શૈલીમાં સમજાવ્યું હતું.

આણંદની ભજન સ્પર્ધામાં સૌરાષ્ટ્ર મહિલા મંડળ પ્રથમ વિજેતા બન્યું

આણંદ | આણંદના લાયન્સ હોલ ખાતે સખી મહિલા મંડળ વિદ્યાનગર દ્વારા આયોજિત ભજન હરીફાઈમાં ૧૨ મહિલા મંડળોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નીનાબેન દોશી અને ડોક્ટર સચિબેન બત્રાએ સંગીતના નિર્ણાયક (જજ) તરીકે મહત્વની સેવા આપી હતી. ભજન સ્પર્ધાના અંતે સૌરાષ્ટ્ર મહિલા મંડળે પ્રથમ સ્થાન જ્યારે નવદુર્ગા મહિલા મંડળે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. છેલ્લા ૪૨ વર્ષથી મહિલા ઉત્કર્ષ માટે કાર્યરત સખી મહિલા મંડળના પ્રમુખ કેતુબેન પટેલ અને કારોબારી સભ્યોની જહેમતથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

વિદ્યાનગરની વી. પી. સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે 'સ્કેલ-અપ સાયન્સ' વ્યાખ્યાન શ્રેણી યોજાઇ

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત વી. પી. એન્ડ આર. પી. ટી. પી. સાયન્સ કોલેજના ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના કારકિર્દી માર્ગદર્શન માટે "સ્કેલ-અપ સાયન્સ: ફ્રોમ કેમ્પસ ટુ કોર્પોરેટ" અંતર્ગત એક જીવંત અને સંવાદાત્મક સત્ર યોજાયું હતું. આ સત્રમાં મુખ્ય વક્તા અને 'એલેવેર ઇમ્પેક્ટ હબ એલએલપી'ના સ્થાપક અને સીઈઓ અંકિતા મિસ્ત્રીએ વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસથી કોર્પોરેટ જગતમાં પ્રવેશવા માટે ઇન્ટરવ્યુ તેમજ વાણી-વર્તન દ્વારા કારકિર્દી ઘડવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. નિકુંજ ભટ્ટ અને વિભાગના વડા ડો. પી. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

નડિયાદના સંતરામ મંદિરની સિયાટલ સ્થિત ભારતીય કાઉન્સિલએ મુલાકાત લીધી

નડિયાદ | ભારતના સિયાટલ સ્થિત કાઉન્સિલ જનરલ પ્રકાશ ગુપ્તાએ નડિયાદના પાવનધામ શ્રી સંતરામ સમાધિ સ્થાનની આત્મીય મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વર્તમાન ગાદીપતિ રામદાસજી મહારાજ સાથે આધ્યાત્મિક પરંપરા, યોગ અને વૈશ્વિક સ્તરે ભારતીય જીવનમૂલ્યોના પ્રસાર પર પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો. તેમણે સુ-યોગમ, સંતરામ વિદ્યાલય અને આંખ હોસ્પિટલ જેવી વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈ તેમની સેવા પ્રવૃત્તિઓ જાણી મહારાજશ્રીના હસ્તે સન્માનપત્ર સ્વીકાર્યું હતું.

આણંદમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા તેજસ્વી તારલા સન્માન કાર્યક્રમ યોજાયો

આણંદ | સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ આણંદ દ્વારા તેજસ્વી તારલા સન્માન કાર્યક્રમ યોજાયો હતો, જેનો મંગલ પ્રારંભ સંસ્થાના પ્રમુખ ડો. વી. વી. બારૈયા અને મુખ્ય મહેમાન પૂર્વ કુલપતિ ડો. ભરતભાઈ જી. પટેલ સહિતના મહાનુભાવોએ દીપ પ્રગટાવીને કરાવ્યો હતો. આ સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર તેજસ્વી તારલાઓ અને બાલમંદિરના નાના બાળકોને મહાનુભાવો તથા દાતાઓ દ્વારા સન્માનિત કરાયા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત સમાજના લોકોની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન મુદ્રાબેન આર. ભીમાણીએ કર્યું હતું અને અંતે રાજેશભાઈ ભીમાણીએ આભાર વિધિ કરી હતી.

વલ્લભ વિદ્યાનગરમાં આરએસએસનો 'યુવા સંગમ' યોજાયો: ૨૦૦થી વધુ યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા

આણંદ | જી. એચ. પટેલ એન્જિનિયરિંગ કોલેજ ખાતે સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્રનિર્માણના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું. મુખ્ય અતિથિ આણંદ કલેક્ટર પ્રવીણભાઈ ચૌધરીએ યુવાનોને નશામુક્ત ભારત અને સિવિક સેન્સ પ્રત્યે પ્રેરિત કરી નાગરિક કર્તવ્યના શપથ લેવડાવ્યા હતા. આ પ્રેરક આયોજનમાં શાખા, ભારતીય રમતો, વિચારકો અને સોશિયલ ઇન્ફ્લુએન્સર્સ સાથેના વિશેષ સંવાદસત્રો બાદ સમૂહ ભોજન સાથે સમાપન થયું હતું.

મહિલા મહાવિદ્યાલયમાં 'મહિલા સશક્તિકરણ' વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું

આણંદ | વડોદરાની મહિલા મહાવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા "મહિલા સશક્તિકરણ: સંભાવનાઓ, સમસ્યા અને સમાધાન" વિષય પર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રોફેસર ડો. રમેશ મકવાણાએ જણાવ્યું કે મહિલા સશક્તિકરણ એ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટેની અનિવાર્ય શરત છે.. કોલેજના પ્રિન્સિપાલ ડો. પ્રદીપ એસ. જોશી અને અન્ય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નડિયાદ એસઆરપી ગ્રુપ-૦૭ ના સ્થાપના દિન નિમિત્તે આધુનિક શસ્ત્ર પ્રદર્શન યોજાયું

નડિયાદ | નડિયાદ એસઆરપી ગ્રુપ-૦૭ ખાતે સેનાપતિ પી.પી. વ્યાસના માર્ગદર્શન હેઠળ ૬૧મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આધુનિક શસ્ત્રોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં નડિયાદની વિવિધ શાળાઓ અને પલાણા આઇ.ટી.આઇ. ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને આધુનિક શસ્ત્રો વિશે માહિતી મેળવી હતી. શસ્ત્ર પ્રદર્શન દરમિયાન ગ્રુપના કુશળ ડ્રિલ ઇન્સ્ટ્રક્ટરો દ્વારા તમામ હથિયારો વિશે વિદ્યાર્થીઓને વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ વિશેષ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ ઉપરાંત એસ આર પી ગ્રુપના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કપડવંજ પાલિકામાં બ્રહ્માકુમારીઝ દ્વારા વ્યસનમુક્તિ અને રક્ષાબંધનની અનોખી ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજ નગરપાલિકા ખાતે બ્રહ્માકુમારી કેન્દ્ર દ્વારા ભારત સરકારના રાષ્ટ્રીય વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ સેજલબેન પટેલ, ઉપપ્રમુખ સ્નેહાબેન ઓઝા સહિતના હોદ્દેદારો અને કર્મચારીઓએ વ્યસનમુક્તિની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. પ્રતિજ્ઞા બાદ બ્રહ્માકુમારી બહેનો દ્વારા ઉપસ્થિત સૌ અધિકારીઓ અને આગેવાનોને રક્ષાસૂત્ર બાંધીને પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં જાગૃતિ લાવી લોકોને વ્યસનમુક્ત, સ્વસ્થ અને સંસ્કારી જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવાનો હતો.

હાડગુડ ખાતે શાંતિપૂર્ણ માહોલમાં ઈદે મિલાદુન્નબી (૧૫૦૧) ની ઉજવણી કરાઇ

આણંદ | મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર નિમિત્તે હઝરત મુહમ્મદ પયગંબર સાહેબ (સલ.)ના જન્મ દિવસની યાદમાં હાડગુડ ખાતે ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. જુમ્મા મસ્જિદથી શરૂ થયેલું આ જુલુસ ગામના વિવિધ માર્ગો પર ફરીને જહાંગીરપુરા ગયું હતું અને ત્યારબાદ સૈયદના પીર કમાલોદ્દીન બાવા (ર.અ.) ની મજાર શરીફ પર પહોંચીને સંપન્ન થયું હતું. શાંતિપૂર્ણ અને સુમેળભર્યું વાતાવરણમાં જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેથી જુલુસ દરમિયાન કોઈ અણબનાવ ન બને અને સમગ્ર ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં પાર પડે. પોલીસ પ્રશાસનની આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ આણંદ જિલ્લા ડી.વાય.એસ.પી.પંચાલ, સૈયદ સાકીર અલી તેમજ પી.આઈ.સાહેબનું ફૂલહારથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

બેંક ઓફ ઈન્ડિયા વડોદરા ઝોન દ્વારા સપ્ટેમ્બર માસમાં 'હિંદી માહ'ની ઉજવણી કરાશે

આણંદ | બેંક ઓફ ઈન્ડિયા, વડોદરા ઝોન દ્વારા સપ્ટેમ્બર મહિનાને 'હિંદી માહ' તરીકે ઉજવવામાં આવશે. ઝોનલ મેનેજર વિવેક તિવારીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આયોજિત આ વિશેષ ઉજવણીનો મુખ્ય હેતુ રોજબરોજના બેંકિંગ કાર્યોમાં રાજભાષા હિંદી અને સ્થાનિક ભાષાઓના પ્રભાવશાળી ઉપયોગને પ્રોત્સાહન આપવાનો તેમજ કર્મચારીઓને પ્રેરિત કરવાનો છે. આ ઉજવણી અંતર્ગત બેંકની તમામ શાખાઓમાં હિંદી કાર્યક્રમો, સેમિનાર અને કર્મચારીઓ માટે વિવિધ સ્પર્ધાઓ જેમ કે હિંદી ઈ-મેઈલ, બેંકિંગ શબ્દ જ્ઞાન, નિબંધ લેખન, ચિત્ર આધારિત વાર્તા લેખન, હાસ્ય કવિતા અને હિંદી ગીત ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ઉજવણી માત્ર બેંક કર્મચારીઓ પૂરતી સીમિત ન રાખતા, તેમાં ગ્રાહકો, સામાજિક સંસ્થાઓ અને શાળા-કોલેજોને પણ સાંકળવામાં આવશે. આ સ્પર્ધાઓના તમામ વિજેતાઓને ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનાર પુરસ્કાર વિતરણ સમારોહમાં સન્માનિત કરવામાં આવશે.